ખેડબ્રહ્મામાં ખાતેથી ઓવરલોડ ભરેલી પાંચ ગાડી પકડાઈ

ખેડબ્રહ્મામાં પોલીસ દ્વારા હાઈવે પર વાહન ઓવર લોડ ભરી જતી અને બાજુમાંથી એસ.પી., ડીડીઓ, સીએમના પ્રોગ્રામમાંથી પરત ફરી રહ્યા હતા તે દરમિયાનના સમાચાર તારીખ ૧૬-૬-૨૦૧૮ના રોજ ગાંધીનગર સમાચારમાં છપાયેલા હતા તેમને લઈને તારીખ ૧૭-૬-૨૦૧૮ના રોજ પોલીસ દ્વારા સઘન વાહન ચેકિંગ દરમિયાન ઓવર લોડ ભરેલ પાંચ જીપ ગાડી પકડી પાડી હતી. પોલીસ કોન્સ્ટેબલ મહેન્દ્રભાઈ મહીપાલસિંહ અને એ.ડી. પરમાર, પીએસઆઈએ ગુનો નોંધી વધુ તપાસ અર્થે તપાસ હાથ ધરી છે.

નીતિન ગડકરીએ યસ બેન્કનાં મેનેજિંગ ડાયરેક્ટર રાણાકપૂરની મુલાકાત લીધી

કેન્દ્રનાં સડક પરિવાહન મંત્રી નીતિન ગડકરીએ સંપર્ક સમર્થન અભિયાન અંતર્ગત યસ બેન્કનાં મેનેજિંગ ડાયરેક્ટર અને સીઈઓ રાણાકપૂરની અને તેમના પત્ની બિન્દુકપૂરની તેમના નિવાસસ્થાને મુલાકાત લીધી હતી. આ મુલાકાતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરકારનાં ચાર વર્ષનાં શાસનકાળ દરમિયાન કરવામાં આવેલા વિકાસના પ્રયાસો વિશે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

મહેસાણામાં ૧૩૮૨ સ્થળે યોજાનાર વિશ્વ યોગ દિનમાં ૫ લાખ નાગરિકો યોગાભ્યાસમાં જોડાશે

મહેસાણા, તા. ૧૮

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના તંદુરસ્ત રાષ્ટ્રના તંદુરસ્ત નાગરીક નિર્માણ સ્વપ્નને સાર્થક કરતા યોગ દિનની ઉજવણીને ઝળહળતી વૈશ્વીક સફળતા મળી છે. વિશ્વના તમામ દેશોમાં ૨૧મી જુનના રોજ વિશ્વ યોગ દિનની ઉજવણી કરવામાં આવે છે. ૨૧ જુનના રોજ સવારે ૬ કલાકથી યોગાભ્યાસમાં જોડાઈ કરોડો લોકો ભારતીય સંસ્કૃતિના યોગના મીઠા ફળો ચાખવાના છે.

મહેસાણા જિલ્લામાં પણ આગામી ૨૧મી જુનના રોજ વિશ્વ યોગ દિનની ઉજવણી થનાર છે. તેમાં મહેસાણા જિલ્લાની તમામ સ્કુલો, સ્થાનિક સ્વરાજયની અને સેવાભાવી સંસ્થાઓના સહયોગથી જિલ્લામાં અંદાજીત ૧૩૮૨ સ્થળોએ યોગ દિવસની ઉજવણી થનાર છે. યોગ દિવસની ઉજવણીમાં નાના મોટા સહુ અંદાજે ૫ લાખ જેટલા નાગરીકો સવારે ૬ કલાકથી શારીરીક તંદુરસ્તીને બળ પ્રદાન કરતા યોગાભ્યાસમાં જોડાઈ સહુ કોઈ યોગના લાભો લેશે.

મહેસાણા શહેરમાં પોલીસ પરેડ ગ્રાઉન્ડ, નાલંદા હાઈસ્કુલ, મ્યુનીસીપલ ગ્રાઉન્ડ, ઓએનજીસી ગ્રાઉન્ડ અને દેદિયાસણ જીઆઈડીસી ગ્રાઉન્ડ એમ કુલ પાંચ સ્થળોએ અંદાજે ૫૩ હજાર કરતા વધુ નગરજનો યોગમાં જોડાઈને શારીરીક સ્વાસ્થયને રોગમુકતિ તરફ લઈ જતા લાભો મેળવશે.

યોગ દિવસની ઉજવણીમાં જિલ્લા કક્ષાના મહેસાણા ખાતેના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નગરજનોને ઉપસ્થિત રહેવા વહીવટીતંત્ર દ્વારા આમંત્રણ પાઠવેલ છે. જિલ્લાના તમામ ગામોની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ ખાતે વિધાર્થીઓ ઉપરાંત સ્થાનીક ગામ લોકો યોગમાં જોડાશે. જિલ્લાના તમામ શહેરી વિસ્તારોમાં, તમામ તાલુકાના મુખ્ય મથકોમાં બે બે સ્થળે યોગના કાર્યક્રમો યોજાશે તેમાં સ્થાનીય લોકોને મહત્તમ જોડાવાનો અનુરોધ કર્યો હતો.

મહેસાણા જીલ્લાની ઐતિહાસીક વિરાસત ધરાવતા બહુચરાજી, મોઢેરા સુર્યમંદીર, વડનગરમાં તાના-રીરી ગાર્ડન અને શર્મિષ્ઠા તળાવ અને તારંગાના જૈન મંદીર ખાતે પણ વિશ્વ યોગ દિન ઉજવણી થનાર છે. ત્યાં પણ લોકો યોગાભ્યાસ કરી શકશે.

વાંટડા ગુલમહોર ફાર્મ પર હિન્દુ યુવા વાહિની અરવલ્લી જીલ્લાની બેઠક યોજાઈ

મોડાસા તાલુકના વાંટડા ગામે આવેલા ગુલમહોર ફાર્મ પર હિન્દુ યુવા વાહિની સુરતના હિન્દુ નેતા સુમેર ચૌધરી, સુરત ઉપાધ્યક્ષ રવિ ચૌધરીની ઉપસ્થિતિમાં અરવલ્લી જીલ્લાના હિન્દુ યુવા વાહિનીના કાર્યકરોની બેઠક યોજાયી હતી. જેમાં ઉપસ્થિત કાર્યકરોને હિન્દુ એકતા માટે એક બની જાતિવાદ સામે લડવા માટેની હાકલ કરી સોશ્યલ મીડિયામાં ચાલી રહેલા દેવી દેવતાઓ વિશેની અભદ્ર ટિપ્પણીઓ સાંખી નહિ લેવામાં આવે અને આવા આસામાજિક તત્વો સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે અને આવી પ્રવૃતિઓ બંધ થાય તે માટે કાયદાકીય જોગવાઈની માંગ કરી હતી અને યોગ્ય ન્યાય નહિ મળે તો આગામી સમયમાં ઉગ્ર અંદોલનની ચીમકી ઉચ્ચારી હતી. આ બેઠકમાં જીલ્લા અધ્યક્ષ હર્ષુ પંડ્યા, નીતિરાજસિંહ પુવાર, નૃપેશ પોકાર અને સચિન કડિયા ઉપસ્થિત રહ્યા હતા.

અમદાવાદની કુલ ૮ તાલુકા પંચાયતોનાં પ્રમુખની ચૂંટણી

અમદાવાદ, તા.૧૮

અમદાવાદ જિલ્લાની ૮ તાલુકા પંચાયતોમાં બાકીના અઢી વર્ષની મુદત માટેના પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી આવતીકાલે તા.૧૯ જુનને મંગળવારે યોજાવાની છે ત્યારે ભાજપ અને કોંગ્રેસમાં સત્તા મેળવવા છેલ્લી ઘડીના મરણિયા પ્રયાસો શરૂ કર્યા છે. ગત ૧૩ જુને ધોળકા તાલુકા પંચાયતની યોજાયેલી ચૂંટણીમાં ભાજપે સત્તા ગુમાવવાનો વારો આવ્યો હતો. તેનું પૂનરાવર્તન ન થાય તે માટે ભાજપ શાસિત વિરમગામ, દસક્રોઈ, સાણંદ અને દેત્રોજ તાલુકા પંચાયતમાં ડેમેજ કંટ્રોલની કવાયત હાથ ધરી છે. તો બીજીબાજુ, કોંગ્રેસ પણ ભાજપ સત્તા આંચકી લેવાના તેના રાજકીય વ્યૂહમાં સફળ ના થાય તે માટે ડિફેન્સીવ સ્ટ્રેટેજી અપનાવી આગળ વધી રહ્યું છે. આવતીકાલની ચૂંટણીને લઈ ખાસ કરીને બંને પક્ષના ઉમેદવારો અને સ્થાનિક નેતાઓમાં ભારે ઉત્તેજનાનો માહોલ છવાયો છે.અમદાવાદ જિલ્લાની દેત્રોજ તાલુકા પંચાયતની ૧૬ બેઠકોમાંથી બંને પક્ષે ૮-૮ બેઠકો ગત સામાન્ય ચૂંટણીમાં આવી હતી. જેમાં ચિઠ્ઠી ઉછાળીને પ્રમુખની નિયુક્તિ કરાઈ હતી. જેમાં નસીબના જોરે ભાજપે સત્તા મેળવી લીધી હતી. હાલમાં આ તાલુકા પંચાયતમાં સત્તા મેળવવા માટેના બંને પક્ષો દ્વારા ભરચક પ્રયાસો કરાઈ રહ્યા છે. એકબીજાના સભ્યોને તોડીને સત્તા મેળવવાના પ્રયાસો ચાલી રહ્યા છે.

જો તે સફળ ન થવાની સ્થિતિમાં દેત્રોજ તાલુકામાં પંચાયતમાં ટાઈ પડશે જેમાં ફરીથી અઢી વર્ષની મુદત માટે ચિઠ્ઠી ઉછાળીને પ્રમુખની વરણી કરાશે. આવી જ કંઈક સ્થિતિ ધોલેરા તાલુકા પંચાયતમાં પણ સર્જાઈ છે. જેની ૧૬ બેઠકોમાંથી ૮ બેઠકો ભાજપની ૫ બેઠકો કોંગ્રેસની અને ૩ અપક્ષની છે. ગત ટર્મમાં કોંગ્રેસ અપક્ષના સહારે સત્તા મેળવવા માટે સફળ રહ્યું હતું. આ વખતે ભારે રસાકસી ચાલી રહી છે. વિરમગામ, બાવળા, ધંધૂકા તાલુકા પંચાયતમાં નજીવી સરસાઈ હોવાથી બંને પક્ષો દ્વારા સત્તા મેળવવા માટે એકબીજાના સભ્યોને તોડવાના પૂરજોરમાં પ્રયાસો શરૂ કરી દેવાયા છે. આજે સોમવારે તા.૧૮ જુનને પ્રમુખ-ઉપપ્રમુખ માટેના ફોર્મ ભરવાની પ્રક્રિયા સંપન્ન થઈ હતી.

મંત્રી ગણપત વસાવા સામે ભ્રષ્ટાચારને લઈને આક્ષેપ

મંત્રી વસાવાની આવક કરતાં અપ્રમાણસર મિલ્કત અને બેનામી સંપત્તિ : કુલ બેનામી સંપત્તિ ૧૧૬ કરોડથી વધુ

અમદાવાદ,તા.૧૮

રાજયના આદિજાતિ અને મહિલા બાળ વિકાસ તેમ જ વન અને પર્યાવરણ મંત્રી તરીકેનો હવાલો સંભાળતાં માંગરોળના ધારાસભ્ય ગણપત વેસ્તાભાઈ વસાવા વિરૂધ્ધ કરોડો રૂપિયાના ભ્રષ્ટાચારના ગંભીર આરોપો લાગ્યા છે. ભાજપ સરકારના મંત્રી પર આટલા ગંભીર આરોપ અન્ય કોઈ નહી પરંતુ ખુદ ગણપત વસાવાના સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાના ગામ વાડીના જ વતની અને પૂર્વ સનદી અધિકારી જગતસિંહ એલ.વસાવાએ લગાવ્યા છે. નિવૃત્ત આઈએએસ જગતસિંહ વસાવાએ ગણપત વસાવા વિરૂધ્ધ અપ્રમાણસર મિલકત અને ભ્રષ્ટાચારના ગંભીર આરોપ લગાવી મંત્રી વસાવા તથા અન્યો સામે પ્રિવેન્શન ઓફ કરપ્શન એકટ-૧૯૮૮ની કલમ- ૧૩(ઇ), ૧૩(૨) હેઠળ ગુનો દાખલ કરવા અને સમગ્ર મામલામાં ન્યાયિક તપાસ કરવા ઉગ્ર માંગણી કરી છે. મંત્રી વસાવા વિરૂધ્ધ તેમની ફરિયાદ પરત્વે ખુદ એસીબીના ડાયરેકટરને નિર્ણય લેવા ગુજરાત હાઈકોર્ટે હુકમ કર્યો હોવાછતાં તેનું સરકાર કે એસીબી સત્તાવાળાઓ દ્વારા પાલન કરાયું નહી હોવાથી ફરી હાઈકોર્ટના દ્વાર ખખડાવવાની ચીમકી પણ જગતસિંહ વસાવાએ ઉચ્ચારી હતી. જો કે, પૂર્વ સનદી અધિકારી દ્વારા રાજયના વન અને પર્યાવરણ મંત્રી ગણપત વસાવા વિરૂધ્ધના ભ્રષ્ટાચારના આરોપોને લઈ ફરી એકવાર ગુજરાતના રાજકારણમાં ભારે ચકચાર મચી ગઈ છે. રાજયના વન અને પર્યાવરણ મંત્રી ગણપત વસાવા વિરૂધ્ધ આજે મીડિયા સમક્ષ આવી જાહેરમાં ગંભીર આરોપ લગાવતાં પૂર્વ સનદી અધિકારી અને ગુજરાત હાઈકોર્ટમાં વકીલાતની પ્રેકટીસ કરતાં જગતસિંહ વસાવાએ જણાવ્યું હતું કે, ગુજરાતના ૧૧ જિલ્લાઓમાં આદિવાસી વિસ્તારોમાં સ્થાનિક આદિવાસી પ્રજાના કલ્યાણ અને ઉત્કર્ષ માટે કેન્દ્ર સરકાર અને રાજય સરકાર જે બજેટ ફાળવે છે તેનો ખરા અર્થમાં ઉપયોગ થતો નથી અને તેમાં મોટાપાયે ગંભીર ભ્રષ્ટાચાર આચરાય છે. આ ભ્રષ્ટાચારમાં મુખ્ય સૂત્રધાર તરીકેની ભૂમિકા બીજું કોઈ નહી પરંતુ ખુદ રાજયના વન મંત્રી ગણપત વસાવા ભજવી રહ્યા છે. મંત્રી વસાવાએ વિધાનસભા ૨૦૧૭ની ચૂંટણી સંદર્ભે જે સોગંદનામું રજૂ કર્યું હતું, તે જોતાં તેમની ભ્રષ્ટાચારની અને અપ્રમાણસર મિલ્કતની વિગતો સ્પષ્ટ થાય છે. મંત્રી વસાવાની કુલ આવક રૂ.૧.૭ કરોડની સામે રૂ.ત્રણ કરોડથી વધુની સંપતિ જણાઈ છે. મંત્રી વસાવાની કુલ સંપત્તિ રૂ.૭૭ કરોડથી પણ વધુની થવા જાય છે. જયારે બેનામી સંપત્તિ રૂ.૧૧૬ કરોડથી વધુની થવા જાય છે. આમ, આવક કરતાં વધુ અપ્રમાણસર મિલ્કત અને બેનામી સંપતિના પ્રકરણમાં મેં એસીબી, ઈન્મકટેક્ષ ડિપાર્ટમેન્ટ સહિતના સત્તાવાળાઓને મંત્રી ગણપત વસાવા, તેમના પત્ની નીલમબહેન, કોસંબા માંગરોળ ખાતે રહેતા રાકેશ રણજીત સોલંકી અને ગાંધીનગરના કનૈયાલાલ ગાંડાલાલ દેસાઈ વિરૂધ્ધ પ્રિવેન્શન ઓફ કરપ્શન એકટની કલમ- ૧૩(ઇ), ૧૩(૨) હેઠળ ગુનો દાખલ કરવા અને સમગ્ર મામલામાં ન્યાયિક તપાસ કરવા ઉગ્ર માંગણી કરી છે. જો કે, હજુ સુધી એસીબી કે ઈન્કમટેક્ષ ડિપાર્ટમેન્ટ દ્વારા કોઈ જ કાર્યવાહી થઈ નથી. આ મામલે મેં ગુજરાત હાઈકોર્ટમાં રિટ પણ કરી હતી, હાઈકોર્ટે પણ મારી ફરિયાદના મામલે યોગ્ય નિર્ણય લેવા ખુદ એસીબીના ડાયરેકટરને સ્પષ્ટ હુકમ કર્યો છે પરંતુ તેમછતાં એસીબી તરફથી કોઈ નિર્ણય નહી લેવાતાં અમે હવે ફરીથી હાઈકોર્ટના દ્વાર ખખડાવીશું. પૂર્વ સનદી અધિકારી જગતસિંહ વસાવાએ ઉમેર્યું કે, એકબાજુ, બીપીએલ આદિવાસીઓ તેમના ઉત્કર્ષ અને કલ્યાણની રાહ જોતા બેઠા છે ને બીજીબાજુ, અગાઉ આદિવાસીઓના નામે ૮૩ એનજીઓને રૂ.૧૭૩૧ કરોડ ફાળવાયા હતા, તેનો હિસાબ પણ મંત્રી વસાવા આપી શકયા નથી. આમ, મંત્રી ગણપત વસાવા ગંભીર પ્રકારના ભ્રષ્ટાચારના કેસમાં સંડોવાયેલા છે ત્યારે ભાજપ સરકાર ખુદ એસીબી, આઈટી ડિપાર્ટમેન્ટ સહિતના સત્તાવાળાઓ તેમને બચાવી રહ્યા છે પરંતુ તેઓ આ મામલે ન્યાય માટે છેક સુધી કાનૂની લડત આપશે.

ડ્યુટી નહિ ઘટે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચિદમ્બરમે ગયા સપ્તાહમાં કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર પેટ્રોલની કિંમત પર લીટરદીઠ ૨૫ રૂપિયા સુધીનો ઘટાડો ટેક્સમાં કરી શકે છે. સરકારી અંદાજ મુજબ પેટ્રોલ અને ડીઝલ ઉપર એક્સાઈઝ ડ્યુટીમાં ૧ રૂપિયાના ઘટાડાથી ૧૩૦૦૦ કરોડનું નુકસાન થઈ શકે છે. રેટિંગ એજન્સી મૂડીએ ચેતવણી આપતા કહ્યું છે કે, પેટ્રોલ અને ડીઝલ ઉપર એક્સાઈઝ ડ્યુટીમાં કોઈપણ ઘટાડો ફિસ્કલ ડેફિસિટના આંકડા ઉપર ખુબ માઠી અસર કરી શકે છે. આના પરિણામ સ્વરુપે સરકાર સામે અનેક નવા પડકારો ઉભા થઈ જશે.

રેટિંગ એજન્સીનું કહેવું છે કે, પેટ્રોલ અને ડીઝલ ઉપર એક્સાઈઝ ડ્યુટીમાં દરેક એક રૂપિયાના ઘટાડાથી ૧૩૦૦૦ કરોડ રૂપિયાનું મહેસુલી નુકસાન સરકારને પડશે. આવી સ્થિતિમાં આ સૌથી મોટો પડકાર રહેશે. મૂડીના કહેવા મુજબ ભારત સામે સૌથી મોટો પડકાર તેની ફિસ્કલ મજબૂતી સાથે જોડાયેલો છે. અહેવાલમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, પેટ્રોલ અને ડીઝલ ઉપર એક્સાઈઝ ડ્યુટીમાં કાપ મારફતે રેવેન્યુમાં કોઈપણ પ્રકારનો ઘટાડો મોટી સમસ્યા સર્જી શકે છે.

જુથવાદ સપાટી પર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ પુર્વે આજે બન્ને જુથના સભ્યોએ કોંગ્રેસના નિરિક્ષકોની હાજરીમાં પોતાની સેન્સ રજુ કરી હતી. જો કે જિલ્લા પંચાયતના પ્રમુખપદને અનુલક્ષી રાજકીય ઉત્તેજના વચ્ચે કોંગ્રેસમાં આંતરિક વિગ્રહ પ્રબળ બન્યો હોવાનુ ચિત્ર પણ સ્પષ્ટ થયુ છે. ત્યારે પ્રમુખ પદની વરણીનો મામલો રાજકીય રીતે વધુ ઉગ્ર બને તેવી પણ સંભાવના છે. કોંગ્રેસની આંતરિક જુથબંધી સામે આવી છે. ત્યારે ચુંટણી પ્રક્રીયામાં રાજકીય માહોલ વધુ ગરમાયો છે. કોંગ્રેસની આંતરિકજુથબંધીનો લાભ લઈ ભાજપ પણ સત્તા મેળવવા નવી રાજકીય નીતી અપનાવી છે. મંગળવારે ફોર્મ ચકાસણી બાદ તા ૨૦મીએ જિલ્લા પંચાયતના હોલમાં પ્રમુખ ઉપ્રપમુખપદ માટેની ચુંટણી યોજાશે.

ત્રાસવાદી ઠાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

આક્રોશ વચ્ચે યુદ્ધવિરામની અવધિને નહીં લંબાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે સેનાને ત્રાસવાદીઓ સામે કાર્યવાહી કરવા છુટો દોર આપી દીધો હતો. ભારત સરકારે રમઝાનના પવિત્ર મહિના દરમિયાન કાશ્મીરમાં યુદ્ધવિરામની જાહેરાત કરી હતી પરંતુ આ ગાળા દરમિયાન કાશ્મીરમાં ત્રાસવાદી હુમલાની સંખ્યામાં જંગી વધારો થયો હતો. ત્રાસવાદીઓએ સેનાને ટાર્ગેટ બનાવીને અનેક હુમલા કર્યા હતા. હાલના દિવસોમાં જ રાઈઝિંગ કાશ્મીરના એડિટર સુજાત બુખારીની હત્યા પણ કરવામાં આવી હતી. ત્યારબાદ જ કેન્દ્ર સરકારના આ નિર્ણયની વ્યાપક ટિકા થઈ રહી હતી. ઈદ બાદ દિલ્હીમાં યોજાયેલી બેઠકમાં યુદ્ધવિરામને નહીં લંબાવવાનો આખરે નિર્ણય લેવામાં આવ્યો હતો. હુમલા, હિંસા અને હત્યાઓને રોકવા માટે સેના હવે પોતાનીરીતે કાર્યવાહી કરી શકે છે. યુદ્ધવિરામના ગાળા દરમિયાન પાકિસ્તાને તેની નાપાક હરકતો સરહદ ઉપર જારી રાખી હતી. યુદ્ધવિરામનો ભંગ કરીને વારંવાર ગોળીબાર કર્યો છે.

હડતાલ આરંભાઈ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

એસોસિએશનના પ્રમુખ ડી. ચેન્નારેડીએ કહ્યુ છે કે ડિઝલની કિંમતોમાં સતત વધારો થઈ રહ્યો છે. થર્ડ પાર્ટી વીમા પ્રિમિયમમાં વધારો થઈ રહ્યો છે. જીએસટી સાથે સંબંધિત તકલીફ આવી રહી છે. જેના કારણે હડતાળ પાડવા માટેની તારીખની જાહેરાત તો એપ્રિલ મહિનામાં જ કરવામાં આવી હતી. સરકાર સાથે કેટલાક રાઉન્ડની બેઠકો થઈ હતી. જે ફલોપ રહી હતી. સંગઠનના સેક્રેટરી કૌસર હુસૈને કહ્યુ છે કે દેશભરમાં લોડિંગ શનિવારથી બંધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. પ્રથમ દિવસથી અસર રહે તેવી શકયતા છે. અલબત્ત દુધ, શાકભાજી, દવા જેવી જરૂરી ચીજવસ્તુઓની સેવા હડતાળના કારણે બંધ રાખવામાં આવી છે. ટ્રાન્સપોર્ટરોની જુદી જુદી માંગ રહેલી છે. સરકાર પર ટ્રાન્સપોર્ટરો ગંભીર પ્રકારના આરોપો મુકી રહ્યા છે. તેમના કહેવા મુજબ સરકાર ડિઝલથી રોડ ટેક્સ તરીકે આઠ રૂપિયા પ્રતિ લીટર વસુલી રહી છે.

પ્રાંતિજના અનવરપુરા દૂધ મંડળીમાં શંકા કુશંકાઓને લઈને સાત સભ્યોના રાજીનામા

જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા દૂધ મંડળીમાં સાબરડેરીના અધિકારીની નિમણુંક કરાઈ

પ્રાંતિજ, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના અનવરપુરા ખાતે આવેલ ધી અનવરપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં મંડળીના ચેરમેન સામે ૫૦ લાખના લોન ગોટાળાનો આક્ષેપને લઈને મંડળીના સાત સભ્યો દ્વારા રાજીનામાં ધરી દીધા.

પ્રાંતિજના અનવરપુરા ગામે આવેલ દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં મંડળીના ચેરમેન શેતલભાઈ પ્રવીણભાઈ પટેલ દ્વારા ૫૦ લાખના લોન ગોટાળાનો આક્ષેપને લઈને મંડળીમાં આવેલ ૧૧ સભ્યોમાંથી ૭ સભ્યોએ જીલ્લા રજીસ્ટ્રાર ચૌહાણને પોતાના રાજીનામા ધરી દીધાં છે. જેમાં મંડળીના વાઈસ ચેરમેન સંજયભાઈ રમેશભાઈ પટેલનો પણ સમાવેશ થાય છે. જીલ્લા રજીસ્ટ્રાર ચૌહાણ દ્વારા આ અંગેની જાણ લેખિતમાં સાબરડેરીમાં કરતાં સાબરડેરી દ્વારા વિજયભાઈ એમ. પટેલની આજરોજ નિમણુક કરતાં તેવોએ વહીવટી ચાર્જ સંભાળ્યો છે. ત્યારે હાલ તો દૂધ મંડળીના ચેરમેન શેતલભાઈ પ્રવિણભાઈ પટેલ સામે થયેલ ૫૦ લાખના લોન ગોટાળાનો આક્ષેપની તપાસ બાદ જ સમગ્ર હકીકત બહાર આવશે.

વાઇસ ચેરમેન સંજયભાઇ રમેશભાઇ પટેલનું શું કહેવું છે

લોન આપ્યાં બાદ તથા અન્ય ગોળાને લઈને અમારે ધ્યાને આવતાં હું વાઈસ ચેરમેન સહિત છ સભ્યોએ રાજીનામાં આપ્યાં છે.

દૂધમંડળીના ૧૧ સભ્યોમાંથી કોને કોને રાજીનામાં ધરી દીધા

સંજયભાઈ રમેશભાઈ પટેલ (વાઈસ ચેરમેન)
કાન્તીભાઈ સોમાભાઈ પટેલ (સભ્ય)
સુરેશભાઈ કાન્તીભાઈ પટેલ (સભ્ય)
જય પ્રકાશ મોહનભાઈ પટેલ (સભ્ય)
દિનેશભાઈ જેઠાભાઈ પટેલ (સભ્ય)
ભાવીકભાઈ ભગાભાઈ પટેલ (સભ્ય)
અમૃતભાઈ અંબાલાલભાઈ પટેલ (સભ્ય)

સાબરડેરીના નિમાયેલા અધિકારી વિજયભાઇ એમ. પટેલનુ શું કહેવું છે

સાત સભ્યોએ જીલ્લા રજીસ્ટ્રારને રાજીનામાં આપતાં જીલ્લા રજીસ્ટ્રાર દ્વારા લેખિતમાં સાબરડેરીને જાણ કરતાં આજ રોજ મે ચાર્જ સંભાળ્યો છે અને તપાસ બાદ સમગ્ર મામલો બહાર આવશે. હાલ તો કશું કહી શકાય નહી.

ગાજણ પ્રાથિમક શાળા નં-૪માં બાળમેળો યોજાયો

મોડાસા તાલુકાના ગાજણ ગામે આવેલ પ્રાથમિક શાળા નં-૪માં સોમવારે બાળકોમાં રહેલી સુષુપ્ત અવસ્થા બહાર આવે અને બાળકોમાં અભ્યાસ માટે રુચિ પેદા થાય તે માટે બાળમેળાનું આયોજન ગાજણ ગામના સરપંચ પ્રવીણભાઈ વાઘેલા અને ગ્રામજનોની ઉપસ્થિતિમાં આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય ગિરીશ સોલંકી તથા શિક્ષણ સ્ટાફ દ્વારા બાળકોને ચિત્રકામ, વક્તવ્ય સહીત વિવિધ વસ્તુઓની બનાવટ અંગે સ્પર્ધા યોજી ઈનામ આપી બાળકોને પ્રોત્સાહિત કરાયા હતા.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ